ઉનાવાની મઝા

ઉર્ફે

મઝહરે મીરાં.

ભાગ ૧-૨

છપાવી પ્રસિદ્ધ કરનાર

D. D. V.

અમદાવાદ

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં

એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રેસમાં

નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપી.

સંવત ૧૯૬૩ સને ૧૯૦૭

કીંમત રૂ ૦-૨-૦

પ્રસ્તાવના.

ગુજરાતમાં ગાયકવાડ સરકારના તા. સિદ્ધપુરમાં ગામ ઉનાવા મધ્યે, મીરાં સૈયદઅલી દાતાર સાહેબનો મુબારક રોજો છે; કે જ્યાં સેંકડો જાત્રાળુઓ હમેશાં દર્શનાર્થે આવે છે. મીરાં દાતાર એ નામથી દુનીઆમાં આજ કોઇ અજાણ્યું નથી. એ નામ તમામ મુલકે મુલક અને ગલી ગલી નવેખંડમાં મશહુર છે. આ નેક સાહેબને પરમેશ્વરે દાતા નો ઇલકાબ આપ્યો છે, કે જેનો અર્થ દુખનો ભાગનાર થાય છે, અને તે સિવાય બીજા અનેક અર્થો થાય છે. કે જેનું બ્યાન-વીસ્તારી લખવાની જરૂર નથી. આ દુઃખભંજન દાતારના સખી દર બારમાં જાત જાતના વિધ વિધ રોગોવાળા દરદીઓ એક સરખા રીત લાભ લે છે. અને રોજ સેંકડો સાજા થઇ પોતાના વતનમાં જયહર્ષે કુચ કરે છે. મારા સ્વદેશી બંધુઓ ? દુઃખો એક જાતનાં હોતાં નથી અનેક જાતનાં હોય છે. કોઇને દુઃખના બાનાથી બલા સતાવે છે; કે જેની ઉપર હજારો ઉપાય કર્યા છતાં (વૈદ, હકીમ, બાવા વીગેરે) દુઃખ ઘટતું નથી પણ વધે છે. તેવા દુઃખોનો પણ ઇશ્વરી મદદથી મીરાંદાતાર પલમાં સંહાર કરે છે. આ મીરાંદાતારની ભવ્ય કરામતનું બ્યાન આજ સુધી કોઇ કવીઓ કરી શક્યા નથી; પરંતુ મારી યથા મતીથી, જેટલું બન્યું છે તેટલું સ્તુતિરૂપી ગાયનોમાં આપ્યું છે; કે જેમાં કાંઇ ભુલ ચુક હોય તો, મારા સ્વદેશી બંધુએ.; દર ગુજર કરી વાંચશો એવી નિઃસંશય આશા રાખુછું.

લી૦ મીરાં દાતાર સાહેબનો સેવક.

ઊનાવાની મઝા
ઉર્ફે
મઝહરે મીરા
ભાગ ૧ લો.

મંગળાચરણ.

રાગ ધનાશ્રી (ગઝલ)

સહાય કરો આવાર પ્રભુજી, સહાય કરો આ વાર—ટેક.
પૃથ્વી પ્રાણીને ઝાડ પહાડનો, તું છે સરજનહાર. પ્રભુજી
દશ દિશાએ નામ તમારૂં, જપે છે ઠારોઠાર. પ્રભુ૦
અંતરજામી અવિચળ નામી, રચનાનો નહી પાર. પ્રભુજી
યથામતી ગુણ ગાઉં ખરો પણ, પોંચે મતા ન લગાર. પ્રભુજી
કુમતી કાપી સુમતી આપી, મદદ કરો આવાર. પ્રભુજી
તમ સીવાયે દાસ દારાને, અન્તર નથી અધાર. પ્રભુજી

૨

રાગ કલ્યાણ.

હે ! જગતપતી કરૂં હું વીનતી, શ્રી સયાજીરાવની વધારો સંતતી
હે ! ગુર્જરપતી, અજબ તુજગતી, દાદ દીલમાં ધરો કરૂં હું વીનતી
ગામ ઉનાવે આપ પધારયા, કરવાં રૂડાં કાજ;
વર્ણન તેનું શું કરૂં હું, વીસ્તારી શીરતાજ હે ! ગુર્જરપતી
ખંસા કડોદા ખુબ બીરાજે, સોના ચાંદી પુ ;
રોજા પર નુર ઝરમર વરસે, રીઝે પરીયાં હુર હે ! ગુર્જરપતી
દુર દુરથી દુઃખીયાં આવી, નમન કરે તુજ દ્વાર;

મન મુરાદો જે માંગે તે, આપો છો સરદાર હે ! ગુર્જરપતી
માંડવગઢમાં ફતેહ કરી તે, સૌ જાણે સંસાર;
ડંકા દીનના ખુબ બજાવ્યા, કુફર કાધો દૂર હે ! ગુર્જરપતી
જાત જાતના વિધવિધ રોગો, કરી મટાડયા સાફ;
રંક રાયને એકજ રીતે, આપો છો ઇન્સાફ હે ! ગુર્જરપતી
નથ્થુ સૈયદ વજીર આપના, મામા હમજા પીર;
રાસ્તા બીજી ખરેજ માતુ. દે છે સૌને ધીર હે ! ગુર્જરપતી
સૌ સજ્જનને નમી કહું છું, આવો મીરાં પાસ;
બેડા તમારા પાર જે કરશે, પુરશે મનની આશ હે ! ગુર્જરપતી
ચરણે તમારા ઉભો રહુ ને, માહમદ કહે આ વાર;
શીર પર મુજના છાયા રાખો, થાઓ મદદગાર હે ! ગુર્જરપતી

૩

માઢ. મેરા ગમકા તરાના સુનીયે ફસાના રાગ.

સૌ સખી આજે, દરશન કાજે, જઇએ મીરાંદાતાર
નોબત વાગે, બહુત ભલા ભાગે, છે સૌના સરદાર
મીરાં સ્થાનની શોભા સારી, સૌ જન મન હરખાય
દાતાર દયાળુના દરશન કરવા, આવે રંકને રાયરે સૌ સખી
દાતાર નામજ લાગેછે પ્યારૂં, દુઃખીજનોના આધાર
એવા દયાળુને જગમયાળુ, હીકમતમાં છે અપારરે સૌ સખી
સોના ચાંદીના કઠોડારે સાજે, ઝુમરના ઝમકાર
ભલી રોશની ખુબ બીરાજે, દાતારને દરબારરે સૌ સખી
કોઇ ચઢાવે ચંપા ચંબેલી, કોઇક ફુલના હાર
મદન માલતી ફુલોના ગજરા, લાગેછે આનંદકારરે સૌ સખી
વાંઝીયાને ત્યાં પારણીયાં ઝુલાવે, એવા સખી દાતાર

ધન દોલતને માલ ખજાના, પૂરે આપે ધરી પ્યારરે સો સખી
દાસ દારાંની ખાસ કૃપાળુ, આશ પુરો આવાર
પ્રેમ ધરીને પાસ બોલાવી ત્રાસના તોડીદો તારરે સો સખી

૪

બનજારો સાંભળને માતુ મારી મુજ સ્વપ્નું થયું દુ:ખકારી રાઉ
સોનાના કઠોડાવાલા, તારી વાટો જોઉં છું વહાલા
વહાલા લાગી છે પ્રીતડી તારી, તારાં મુખડાંપર જાઉં વારી
જરા ખોલોને ઘુંગટ બાલા, તારી વાટો જોઉં છું વહાલા
ઝમકે ઝુમ્મરના ઝબકારા, શોભે સોના કઠેડા સારા
એવા લીલી નીશાનોવાળા, તારી વાટો જોઉંછું વહાલા
દેશ વિદેશે ખ્યાતી તમારી, ગલી ગલી કરામત જારી
ચોતરફ કરામતવાળા, તારી વાટો જોઉંછું વહાલા
દુ:ખીજનો ઊનાવે આવે દુ:ખ નમી નમી સુણાવે
દુ:ખ નિવારો દીન દયાળા તારી વાટો જોઉંછું વહાલા
સઇયદ અબુમીયાંના વીરા મામા હુજામ સૈયદ તમારા
નથ્થુ સૈયદ વજીર છે આલા તારી વાટો જોઉંછું વહાલા
દુજવીના સવાલી તરસે રજા આપો ઘર જાય હર્ષે
નમી કરૂંછું કાલાવાલા તારી વાટો જોઉંછું વહાલા
દાસ તારાં થયો લાચાર મદદ કરો હવે દાતાર
ન તરસાવો ડોસન લાલા તારી વાટો જોઉંછું વહાલા

૫

ચાલો સાહેલી (૨)ભુવનેશ્વરીનાં સૌ મળીને દરશન કરીએ,
ચાલો સાહેલી (૨) મીરાં સૈયદના ગામ ઊનાવે દરશન કરીયે;
દુ:ખ હરનારા, સુખ કરનારા, દાતાને દેખી દીલમાં ઠરીએ,
મીરાંવલીનું નામ જો જપીએ તો દુ:ખ દરીયેથી તરીએ,
ચાંપા ચંબેલી હાર ફુલોના, લઇ મીરાંને અરપણ કરીએ.

ગુલામ અતર લોખાત ભરૂકથી, ભજ્ય ગુરબત ખુશીએ ભરીપે-વાહ

૬

ધનાશ્રી નમન કરૂં અ.વાર માતુ મારી નમન કરૂં આર રે
નજર કરો દાતાર મુજપર, નજર કરો દાતાર
દુઃખ દરીયો ડુબી મરૂં છું, ડુબી થયો એકતાર મુજપર
માત પોતાને કુટુંબ કબીલો, છોડી આવ્યો તુજ દ્વાર મુજપર
વૈદ હકીમની દવા કરી પણ, દુઃખ મટયું ન લગાર મુજપર
આનંદદાતા, સુખજસાતા, દુખડાં દુર નીવાર મુજપર
તમે દયાળુ, પૂર્ણ કૃપાળુ, કૃપા કરો એકવાર મુજપર
હું છું સદાનો દાસ તમારો, તમે મારા સરદાર મુજપર
જાન મારો હું તમપર વારૂં, મુજ હૈયાના હાર મુજપર
શીશ નમાવી માગુંછું એવું, અરજ મારી સ્વીકાર મુજપર
દાસ તમારો વીનવી કરે છે, દર્શ વીના લાચાર મુજપર

૭

રાહ. અરે હું મસ્તાન પ્રેમની મને કાઇ ન છેડોરે.
પડી છું દુ.ખ સિંધુમાં દાતાર આવોરે;
દાતાર આવોરે દુલ્લા મારી વારે ધાવોરે. પડી છું.
દુઃખીયારી હું નાચાર છું જરા રહેમ લાવોરે;
દુઃખ ભંજન દાતાર શીઘ્ર સહાય થાવોરે. પડી છું.

સાખી.

જળ વીણ તરસે માછલી, તમ વીણ હું દાતાર
[illegible]થી જુદી નહી કરો મુજ હૈયાના હાર
દાતાર, તું આધાર બેઠા પાર લગાવોરે. પડી છું.

૮

રઘુપતી રામ હ્રદેમાં રે જોરે.
રંગ બેરંગી દરગા તમારીરે, મસ્જીદ [illegible]

જ્યા પામ્યો હું આનંદકારી, મીરાં વલી જાઉં હુ તમપર વારીરે;
શોભે હેમ કમાડો ભારીરે, સોના ચાંદી તણી છડી સારીરે;
વર્ણન રૂમરનું શું વીસ્તારી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે;
બેસે સીડી સીડીયે માળીરે, તેતો આપે ફુલોની જાળીરે;
છોજી બાગ જન્નતનાવાલી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે;
દાતણ ઝાડ અતી સુખકારીરે, ગડ ગુમડ પર ગુણકારીરે;
તેનો લાભ લેછે લોકો ભારી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે;
મોહન મુખડું દીપે છે ભારીરે, મને દેખાડો સુરત તમારીરે;
દેખી જાઉં તમપર બલહારી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે;
નીત નીત સવાલી જારીરે, તેતો માંગે સહાય તમારીરે;
દુઃખ નાંખો તેના નીવારી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે;
આવ્યો દાસ દુઃખી આજારીરે, દુઃખ ટાળી કરો સુખકારીરે;
કરજોડી કહુ છું પોકારી, મીરાં વલી જાઉં હું તમપર વારીરે.

૯

ધીમાં ધીમાં ચાલોને મારા પ્રાણરે, રાગ.
મીરાં મીરાં આવોને મારા પ્રાણરે,
તમ વીના મને નહી ચેન ઘડી, દોજી દર્શન જરી, દીલજાનરે મીરાં.

સાખી.

આલે નબી ઓલાદે અલી, ગુજરખંડ આધાર,
ગામ ઉનાવે આવી વલીયા, દુઃખભંજન દાતાર,
ગુજરખંડના છો દુલ્લા મીરાં વળી,
દુઃખ દાસનું હોય નાંખોને દળી,
જેથી થાય એને સુખ દુઃખ ટાળી. દીલજા રે મીરાં.

૧૦

ડરમાં તું દીલ સાથ છોકરા ડરમાં તું દીલ સાથ. રાહ.
મીરાં વલી દાતાર, સૈયદ મીરાં વલી દાતાર,
હવે કરોને બેડા પાર, સૈયદ મીરાં વલી દાતાર,
ઊનાવા તારૂં શોભે છે સારૂં, દુઃખી જનોનું છે સુખનું બારૂ
ઘડી પળ હું મુકુ નહીં ન્યારૂ, મને દેખાડો મુખ તમારૂં
જાન મારી હું તમપર વારૂં, હાંહાંરે ન તરસાવો હૈયાહાર. સૈયદ

૧૧

બનજારો.

સાંભળને માતુ મારો મુજ સ્વપ્ન થયું દુઃખકારી. રાહ.
ખાજા લાગો છો મુજને પ્યારા, પ્રાણ જાતાં ન મુકું ન્યારા,
તારા ચહેરાની છબ ન્યારી, લાગે અતી મુજને પ્યારી,
મને દેખાડો સુરત પ્યારા, પ્રાણ જાતાં ન મુકું ન્યારા.
સાંજ સવાર ચોઘડીયાં વાગે, આવે મેદની દરશન કાજે,
પ્રીતે દર્શન કરૂં તમારા, પ્રાણ જાતાં ન મુકુ ન્યારા.
દેશ વિદેશથી ફરફી આવે, દુઃખ ખોઇ વતન સૌ જાવે,
હે દુઃખભંજન સુખકારા, પ્રાણ જાતાં ન મુકું ન્યારા.
દીન રાત પોકારૂં ખાજા, આવો મદદે હીંદના રાજા,
ન તરસાવો મહેબુબ પ્યારા, પ્રાણ જાતાં ન મુકું ન્યારા.
હું તમ દર્શનનો પ્યાસો, આવી આપો મુજને દીલાસો,
વાટ જુએ દાસ દીલદાર, પ્રાણ જાતાં ન મુકું ન્યારા.

૧૨

મારા ભાગ્ય તણો નહી પાર. રાહ.
વાહવા મીરાંદાતાર જઇશું, હરખે દર્શન સાથે રહીશું
મીરાં નગરી છે ગુલઝારી, લાગે આનંદકાર

મીરાંસાબના દર્શન થાતાં, થાશે બેડા પાર   વાહવા
શીર મુગટપર સોનાછત્ર, કોટે ફુલન હાર
દીન દુનીમાં દાતાર દુલા, નોધારા આધાર   વાહવા
ઘડીઘડીની નોબત વાગે, વાધે આડો કાળ
ભલે જનંમીયા શસ્તી જાયા, સૈયદ ડોસનલાલ   વાહવા
નીત નીત ખાસા ભોજન પાકે, પાકે લહેજતદાર
સૌ સંગાથે મળી ખાઇશું, દાતારને દરબાર   વાહવા
બક્ષબલાઓ ગારદ થાતાં, પાડે બુમાબુમ
આપણુ સૌને ગમ્મત પડશે, દેખીને ત્યાં ખુબ   વાહવા
ઉંઝા સ્ટેશન ગામ ઉનાવા, જે કોઇ સવાલી જાય
મોહુમદમીયાં મીસરીમીયાં, આપે છે બહુ સહાય   વાહવા
શાશ નમાવી નમી કહુંછું, કરશો બેડા પાર
મીરાં તારો એકજ આસરો, દાસ કહે આચાર   વાહવા

૧૩

દોષ દેખ્યા વીણ મુજને એ ગુન્હે બાંધો નહી એ રાહ
તમ વીના મોચે પ્રાણ જાયે સૈયદઅલી દાતારરે
દો દરશન હું જાઉં વારી સૈયદઅલી દાતારરે
ખુદાના પ્યારા વલી, ખાજાના હેડા હારરે
પ્યારા પુરો આશા મારી, સૈયદઅલી દાતારરે
હું તમારો છું સવાલી, દુઃખીને લાચારરે
જલદી લો મારી ખબર, સૈયદઅલી દાતારરે
જાદુ જીનો ભુત પલીતો, ભાગે તે તમ દ્વારરે
ચોતરફ છે શોર તારો સૈયદઅલી દાતારરે
દીનદારાં દાસ કેરો કરદો બેડા પારરે
છોડીને નહી જાઉં છેટે સૈયદઅલી દાતારરે

૧૪

રાગ. વીરા વેશ્યાના યારી, ઉભા અટારી પેલા તમારા પ્રાણ
 દુલ્લા દાતાર મારા, પ્રાણુથી પ્યારા, વહાલા ચઢો મુજવાર
 મારી આંખ્યોના તારા, સુખ કરનારા, વાટ જોઉછું આવાર
 ચંદ્ર સરીખું મુખડું મનોહર, શીરપર સોના તાજ
 ગુર્જર ખંડના પીરોમાં પ્યારા આપ વલી શીરતાજરે
પ્યારા પીર તમારી, નામના ભારી દેશ વિદેશે અપાર. દુલ્લા
 દાતા તમારો દાસ સદાનો આપો જાણીને આધાર
 આપ વીના ફરીયાદ હમારી કોણ સુણે સરકારરે
આ અરજ મારી, ઉરમાં ધારી, પ્યારા લ્યોને સ્વીકાર દુલ્લા
 દીનદારો દર વખ્ત દયાળુ દાતા ઉભો તુજ દ્વાર
 દયા કરો મને દરશન આપો હેતે હૈયાના હારરે
તમે તરણ તારા, છો પિતુ માતા, મુજ શીરના શીરદાર દુલ્લા

૧૫

ધનાશ્રી નમન કરૂં આવાર માતુ મારી નમન કરૂં આવાર રાગ
 મુલકે ફરી ચાલો ઊનાવે પાર ચાલો ઊનાવે પાર
 મુલકે ફરી ચાલો ઊનાવે પાર ટેક
 દર્શ કરીને અર્જ કરીશું દાતારને દરબાર મુલકે ફરી
 સોના ચાંદીના સાજે કઠેડા દરગાની મોઝાર મુલકે ફરી
 હાડી ઝુમ્મર તો ખુબ બીરાજે હેમચંદર જરદાર મુલકે ફરી
 મદન માલતી જુઇ ચંબેલી ચઢાવે લોક હજાર મુલકે ફરી
 સાડી સીડીયે બેસીને માલી આપે ફુલોના હાર મુલકે ફરી
 સાંજ સવારે વાગે ચોઘડીયાં નકકી પોકાર છડીદાર મુલકે ફરી
 બલબલાઓ જીન પલાંતો સુણી કરે પોકાર મુલકે ફરી
 દેશ વિદેશથી મેદની આવે દર્શન કરે નરનાર મુલકે ફરી

કોઇ ચઢાવે મીઠાઇ મેવા હું ચડવું ફુલ હાર મુલ્કે ફરી
થાડે છેટે છે મામા હજામપીર નથ્થુ વજીર સરદાર મુલ્કે ફરી
એઓરે ચઢશે આપની વારે કરશે બેડા પાર મુલ્કે ફરી
શાદી છોડીને પોંચા માંડવગઢ કુફરનો કીધો સંહાર મુલ્કે ફરી
રાસ્તાબીબી સુત ભલે જનમાયા દુ:ખભંજન દાતાર મુલ્કે ફરી
પલી મધે છે મુકામ સારૂં શોભાતણો નહી પાર મુલ્કે ફરી
સૌ સવાલી વીનતી કરે છે રજા કરો દાતાર મુલ્કે ફરી
સંયઃઅલીના ગુણ શું ગાઉં પાર પામું નલગાર મુલ્ક ફરી
પામ્યા પ્રખ્યાતી દુનીયા માંહે કહે દારા નીરધાર મુલ્ક ફરી

૧૬

જરા આસ્તે કદમ અલબેલારે, ધીમાં ધીમાં ચાલોને છબીલા. રાહ
તમે ઓલીયામાં અલબેલારે, મારી વહારે ચઢો પીર વહેલા
તરસાવો છો શું, શરમાવો છો શું, મને પ્રીત લગાડીને પહેલારે
મારી વહારે ચઢો પીર વહેલા. ટેક
ઘુંગટ ખોલીને બાળા બોલો, તમ બોલ વીના અમો ઘેલા
ડોસનલાલા છો રાજ દુલાલા, આવો તન મન ધન વસે ત્યારે
મારી વહારે ચઢો પીર વહેલા.
દારા પોકારે ચઢોને વહારે, અમો દુ:ખ દરીયે ડુબેલા
બાંહે ગ્રહી બાપુ મુજને બચાવો, મારા વહાલા વીચારી આ વેળારે
મારી વહારે ચઢો પીર વહેલા.

૧૭

એ—માથે મટુકી લઇ જાઉં. રાહ.
એ—હે ગામ ઉતાવે હું જાઉં
પ્યારા મારા મીરાંને દુ:ખડાં સુનાઉં—એહે ગામ ઉતા
હું દુ:ખીયારી દુ:ખી નારી,

જાન મારો તરસે ભારી,
દેખી મુખડું સુખ પાઉ — એહે ગામ ઉના

૧૮

રાગ કલ્યાણ. રાહ.

હે ! જગતપતી, કરૂં વીનતી, શ્રી સયાજીરાવની વધારો સંતતી.
હે ! સૈયદઅલી નાંખોને દુઃખ દળી લાખો ખ્લાઓ જાય છે
તમ નામથી ટળી.

દુઃખી દરીયામાં હું ડુબીયો છું, દુઃખભંજન દાતાર;
જલદી મારી વ્હારે ચઢાને, કરશો બેડા પાર. હે સૈયદઅલી
પીર પીરોના પ્યારા છો તમે, ખોદાતણા ખુદ ખાસ;
પુરણ પ્રીત કરીને પ્યારા, પુરો મનની આસ. હે ! સૈયદઅલી
તન મન ધન સઉ તમપર વારૂ, સૈયદઅલી શીરતાજ;
જગમાં જશને આબરૂ આપી, રાખો મારી લાજ હે! સૈયદઅલી
પીરદુલા લાગો છો પ્યારા, જાઉં તમ પર બલહાર;
દયા કરીને દીન દાસને, દાતા દીયો દેદાર. હે ! સૈયદઅલી

૧૯

કામ છે દુષ્ટવીકારી આહા ! પ્રભૂ કામ છે દુષ્ટવીકારી રાહ.
આવેને મદદે હમારી, મારાં આવોને મદદે હમારી,
ગુર્જર ખંડના આપ ધણી છો, ગૂર્જર જન આભારી. મીરાં.
ગામ ઉનાવા ઉજડ પડયું તું, તેને વસાવ્યું ભારી. મીરાં.
દરગાહનું હું વર્ણન કરૂં પણ, પોંચે નહીં મતી મારી. મીરાં.
દુખાંજનો જે દરગાએ આવે, માગે સહાય તમારી. મીરાં.
વર્ણ અઢારે શીશ નમાવી, જપે છે માળા તમારી. મીરાં.
સાંજ સમે નીત સલામી ગાજે, ભીડ થાય અતી ભારી મીરાં.
હાથ જોડીને વીનતી કરે સૌ, નાંખોને દુખ નીવારી. મીરાં.

પાયે પડીને અરજ કરૂં છું, દો દરશન જાઉં વારી. મીરાં.
ખાદીમ મોહમદ અરજ કરે છે, આશ પુરો દીલધારી. મીરાં.

૨૦

લલીત છંદ.

કરણ રાજનું ક્યાંરે ગયો નગર છોડીને શીદરે રહ્યો.
દાતારદુલ્લા રાજ,છોમારા શીરતાજ,ઘુંગટખોલીને દર્શ આપોઆજ
તમ વીના મને, ચેન ના જરી, ઘુંગટ ખોલોને શહેનશાહ વલી,
દરદ માહારૂ પીડેછે બહુ, કયાં જઇ હવે કોને હું કહુ;
રડી રડીને હું ઝુરૂછું મરી, ઘુંગટ ખોલોને શહેનશાહ વલી.
મન મુંઝાય છે ચીત્ત ચોરાય છે, તમ વીના હવે પ્રાણ જાયછે,
મુજ દુખી તણી અરજ દીલધરી,ગુંગટ ખોલોને શહેનશાહ વલી
કસમથી કહુ પ્યારા મારા પીર, નથી રેની હવે મુને કાંઇ ધીર,
ઓ આલેનબી, ઓલાદે અલી, ગુંગટ ખોલોને શહેનશાહ વલી
દાતાર આવોરે, સહાય થાવોરે, દાસ દાસાંને ન તરસાવોરે,
નમી નમીને હું કહુંછું કરગરી, ગુંગટ ખોલોને શહેનશાહ વલી.

૨૧

મારારે સ્વામી ખોલોને વહાલા

આવોને મીરાં મદદે વહાલા જપુરે તુજ નામ તણી માલા
દુલારે તમે રાસ્તોમાના જાયા સૈયદ ડોસુમીયાંની માયા
પેદારે થઇને કરામત પાયા આ.
લધુરે ઉમર આપતણી બાલા પીર પીરોંને લાગોછો પ્યારા
તુરબતપર વરસે છે ઉજયાળા આ.
વજુલા તમારી દરગા બહુ સારી ઉંચા કોટ કમાનો વાળી
લીલીરે ધજાપર હું જાઉં વારી આ.
દુઃખીયાં તમારી દરગાએ આવે દુઃખ ખોઇ વતન સૈ જાવે
જગમાં તમારા ગુણોને ગાવે આ.

દુઆ તમારી કરામત ભારી દશે દીશ મુલકમાં જારી
ઓરસપર ધુમ મચે સારી આ.
દીલેરે દાદ ધરો મીરાં દાતાર હરો દુઃખ દાસ બન્યો લાચાર
મોહમદ દીનરાત કરે પોકાર આ.

૨૨

બનજારો.

સાંભળને અરજ તુ મારી, મુજ સ્વપ્નું થયું દુખકારી ટેક
તમે સાચા સૈયદ સુખકારી, મીરાં જાઉં હું તમપર વારી
ભલે ગામ ઉનાવે વસીયા, દુઃખીજનોના મુખડાં હસીયા
છો દુઃખભંજન સુખકારી, મીરાં જાઉં હું તમપર વારી
તારી દરગા બની ગુલજારી, શોભે સોના ચાંદીનો જાલી
દેખી સુખ પામે આજારી, મીરાં જાઉં હું તમપર વારી
આવે દર્શન કરવા નરનારી, લાવે માનતા ભરી ભારી
નીત મેળો તમારો જારી, મીરાં જાઉં હું તમપર વારી
જાદુજીનો જળી પોકારે, નથી રહેવું મીરાં હમારે
એવી અજબ કરામત ભારી, મીરાં જાઉં હું તમપર વારી
નીત હીંદુ મુસલમાન આવે, શીશ નમી નમી ઝુકાવે
દાતા લોને ખબર હમારી, મીરાં જાઉં હું તમપર વારી
મને લાગી છે મુખની માયા, દો દરસન રસુની જાયા
મોહમદ મીયાં કહે પોકારી, મીરાં જાઉં હું તમપર વારી

૨૩

અરે નાદાન, અરે બે ધ્યાન, જગાલો માન જગાલો માન. ટેક.
મીરાં દાતાર મીરાં દાતાર, કરો બેડા હવે તમ પાર
થયો લાચાર નથી આધાર, કરો બેડા હવે તમ પાર
દુખીયોના તમે દાતાર, સુખીયોના તમે સરદાર,

મટાડી દીલનો અંજાર, કરો બેડા હવે તમ પાર;
દા ા તારો સદાનો દાસ, નમી અરજ કરે છે ખાસ,
મીરાં મારી પુરીને આશ, કરો બેડા હવે તમ પાર.

૨૪

(ગજલ) ઇંદ્રસભાના રાગની.

છોડું હું મારી પ્યારી ભુમી આજ ઉજ્જનની. રાહ.
નજર કરી તેં આ ઘડી મુજ પર મીરાં વળી,
ભુલીશ નહી એ પાડ હું મરતાં સુધી કદી - ટેક.
તારીફ તમારી શું કરૂં સઇયદઅલી દાતાર;
લાખો બક્ષાઓ જાય છે તમ નામથી ટળી. નજર.
લાખો હજારો દ દીને સુખમાં તેં સ્થાપ્યાં;
સખી દરબાર આપનો મશહુર ગતી ગતી. નજર.
બેશક ખુદાના પ્યારા છો વ રૂં હું દીલ જાન;
અજબ સરદારી આપને ગુજરાતનો મળી. નજર.
શીશ નમાવી વીનવે એ દારા વારંવાર;
યાદ કરૂં હું જે ઘડી દર્શ દેજો પ્રીત કરી. નજર.

૨૫

પ્રભાત્યું.

ગુર્જર ખંડમાં ગામ ઉનાવા, દરગા બની ગુલઝારીરે,
રંક રાયની મચે જ્યાં મેદની, શું છબી બની સુખકારીરે;
સોના ચાંદીના છાજે કઠેડા, સોના તખ્તજ ભારીરે,
મીરાં સઈયદનું મોહન મુખડું, દેખીને સઉ જાયે વારીરે;
અંપે ગુલાબને જુઈ ચંબેલી, શોભે તે તુરબતે સારારે,
રોઝાપર નુર ઝમઝમ વરસે, જોઈ મનડાં ઠરે મારારે;
ચો તરફ છે ચોક આરસનો, તે ફરતી જડી જાળીરે,
ઘુમાઘુમ કરે જ્યાં બક્ષાઓ, ભડકી મરે છબી ભાળીરે;

ઘડી ઘડીની નોબત વાગે, સવાલો નિત નિત જારીરે,
હાથ જોડી સઉ વિનતી કરે છે, પુરોને આશ હમારીરે;
નવે ખંડે દાતાર દુલાની, ભવ્ય કરામત ભાળીગે,
દુઃખડાં ટાળી સુખડા આપે, મીરાં સઈયદ વાલીરે;
ડંકા હિન્દના ખુબ ગજાવ્યા, માંડવગઢના જંગેરે,
શિર કુફરનું ઠાર કરીને, રાખ્યું મેદી સંગેરે;
નેક નથ્થુ શાહ વજીર છે સારા, દુઃખીયાંના છે દાતારરે,
બલા બલાને જાદુ જીનો, પકડી કરે તેને ઠારરે;
કાલાવાલા હિનદારો કરે છે, કરગરીને તમ દ્વારરે,
દુઃખ દરીયામાં મુજને ડુબતાં, વહાલા ચઢો મારી વારરે.

૨૬

ધનાશ્રી ગઝલ પુરો થયોછે ખેલ સજ્જનો પુરો થયોછે ખેલ રાહ
આવો મીરાં દાતાર સજ્જનો આવો મીરાં દાતાર
ચાર બાજુએ ચોસઠ મહેરાબો, રહેવા કાજે સુખકાર સ
લાખો હજાર જ્યાં દર્દી આવીને, સાજા થાય નીરધાર સ
આશ વીનાના બીકટ દર્દીનો, પલમાં થાશે સંહાર સ
મંતર, તંતર, જંતર, જાદુ, થાશે જલીને પાર સ
પૈસા વીનાનો લાભ લેવાને, ચુકશો નહીં લગાર સ
ખુદાતાલાએ ભલે સરજીયા, દુઃખભંજન દાતાર સ
ઉંઝા સ્ટેશન ગામ ઉનાવે, દાતાનો દરબાર સ
ખાદીમ મોહમદ શીશ નમાવી, વીનવે વારંવાર સ

૨૭

ગરબી- પ્રેમની પ્રેમની પ્રેમનીરે રાહ
સખી ગામ ઉનાવે જઈએ
દેખી દાતાને સુખીયાં થઈએરે સખી૦
ઉનાવાની હવા બહુ સારી
દુઃખીજનોને છે સુખકારી સખી૦

સોના ચાંદી તખત બહુ સાજે
તેપર દાતાર દુલા બીરાજેરે સખી૦
હાંડી ઝુમરના ઝમકારા
દેખી ભડકે છે સુરજ તારારે સખી૦
શોભે તુરબટપર ફુલ જાલી
ઓપર લીલી ચદર જરીવાળીરે સખી૦
નીત નીત ચોઘડીયાં વાગે
તેતો સુણીને ભુતડાં ભાગેરે સખી૦
આવે દેશ વિદેશથી સવાલી
તેનો જાયે સવાલ નહી ખાલીરે સખી૦
જેની કરામતમાં નહી ખામી
તેની કીર્તી દેશ દેશ જામીરે સખી૦
નથુ સૈયદ વજીર છે એમના
રાખે સવાલીપર બહુ પ્રેમનારે સખી૦
મામા હમજા સૈયદ સાંમી પારે
દુરથી તીરે બલાને મારેરે સખી૦
માતુ શાસ્ત્રી બીબીના જાયા
બાપુ ડોસુમીયાંની માયારે સખી૦
ખાસા ભોજનો નીત ત્યાં જારી
રંક આશીષ દે બહુ ભારીરે સખી૦
દીન રાત સવાલી પોકારે
રજા કરી ઘર મોકલો હમારેરે સખી૦
એવા સાચા સૈયદ સુખકારી
દેખી જઇશું સૌ વારી વારીરે સખી૦
આવ્યો દાસ તમારી પારે
નમી કહે ચહડો મારી વારેરે સખી૦

દરશાન હઝરત સરવરે પેગમબરાં

ભાગ ૨ જો.

૧

ગઝલ દારા

બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

તું હયે નબીયોંકે સરદાર   સ.રે આલમકે મુખતાર
તેરા આશક હયે ગફફાર   મોહોમદ મકકી મદની વાલે
બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

એસી કજ્ઞા તકદીર હયે યાર   જો કોઇ કહેવેં યું એકબાર
તુજકો બુલાતેં હયેં સરદાર   મોહોમદ મકકી મદની વાલે
બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

જો કુચ્છ ગુઝરી હયે સરપર   કીસ્સે કહું મેં અયે સરવર
મેરા હાલ હયે રોશન તુમપર   મોહોમદ મકકી મદની વાલે
બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

મેરી વીદ ઝબાં હરબાર   તેરી યાદમેં હો સરકાર
વઝીફા હયે એહી દરકાર   મોહોમદ મકકી મદની વાલે
બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

દારા કહેતા હયે હરઆન   બુલવા લીજીયો અરબસ્તાન
લબપર આગઇ અબતો જાન   મોહોમદ મકકી મદની વાલે
બેડા પાર લગાદો પ્યારે મોહોમદ મકકી મદની વાલે

દરશાન ખાજા ગરીબ નવાજ

૨

ગઝલ દારા

જલી ફુરકતમેં જાન મેરી મોઈનદીન [illegible]

દીખાદે જલવએ નુરી મોઈનુદ્દીન અજમેરી
પડી મુશકીલ મેરે સરપર કહાં જાઉં મેરે સરવર
સુનો ફર્યાદ તુમ મેરી મોઇનુદ્દીન અજમેરી
એહુ કીશ્તી કહેર દરિયામેં અયે ખાજા ડુબી જાતી હુયે
તું કીશ્તી પાર કર મેરી મોઇનુદ્દીન અજમેરી
ખુદારા ખાબમેં આવો જમાલે પાક દીખલાવો
તસદ્દુકજાં કરૂં મેરી મોઇનુદ્દીન અજમેરી
વસીલા હુયે મુજે તેરા તો કયા હુયે ખોફે મહેશરકા
મદદ હરદમ કરો મેરી મોઇનુદ્દીન અજમેરી
તુમહો વાલી ગરીબોંકે તુમહો સરદાર અમીરોંકે
હુયે શૌરત હીંદમે તેરી મોઇનુદ્દીન અજમેરી
હુયે દારા દીદકા શૈદા દીખાદો સુરતે ઝેબા
બર આયે આરજુ મેરી મોઈનુદ્દીન અજમેરી

૩

ગઝલદાર

મીરાં સૈયદઅલી દાતાર દરદોંકે મીટાને વાલે.
ગુજરાતકે હો સરદાર નબી અલ્લાકે હો દીલદાર;
તેરી બહોત બડી સરકાર મગફ્રા ફૈજ લુટાને વાલે.
મીરાં સૈયદઅલી દાતાર દરદોંકે મીટાને વાલે.
મેરા નયયાં પડી મજધાર અબ ડુબાહું મેં લાચાર,
અબ કીજીયે બેડા પાર નયયાં પાર લગાનેવાલે;
મીરાં સૈયદઅલી દાતાર દરદોંકે મીટાને વાલે.
લેકર દરઆમી તરવાર પોંચે માંડવગઢકે પાર,
હુયે આમોંકા ફીન્નાર ડંકા દીકા બજાનેવાલે.

મીરાં સૈયદઅલી દાતાર દરરોકે મીટાનેવાલે.
તેરે રોઝેકી કયા અહાર હોતે ફીરીસ્તે સબ નીસાર.
દેખ મીટ જાવે આઝાર બીગડી બાત બનાનેવાલે;
મીરાં સૈયદઅલી દાતાર દરદોંકે મીટાને વાલે.
દારા ડરતા હુવે કયું યાર તુજે વસીલા હુવે દાતાર,
વો હુવે તેરા હામીકાર મેહેશરમે બચાને વાલે.
મીરાં સૈયદઅલી દાતાર દરદોકે મીટાને વાલે.

૪

ગઝલદારા

મુખડેસે ખોલકે પરદા મીરાં દાતાર ઇધર દેખો;
હુવાહું અબતો મેં લાચાર મેરે સરકાર ઇધર દેખો.
ભટકર ધારકર દાતાર દીવાના આયા હું દરપર;
નીગાહે લુત્ફસે મુજકો મેરે સરદાર ઇધર દેખો.
નહી સહારા સીવા તેરે મુજે ઇસ દીન દુન્યામેં;
મેરે મૌલા મેરે આકા મેરે ગમખ્વાર ઇધર દેખો.
તું હુવે દાતાર દુખયોંકા તું હુવે વાલી ગરીબોંકા;
કહાં જાઉં તેરા દર છોડ શાહે અબરાર ઇધર દેખો.
તટપતા આપકા દારા દીખ દો સુરતે ઝેબા,
ન છુપો અબ મુજસે રેહેબર મેરે દીલદાર ઇધર દેખો.

૫

ગઝલદારા

હુવે કયા ગુલઝાર એ રોઝા મેરે દાતાર મીરાંકા
હુવે એ નકશા મદીનેકા મેરે દાતાર મીરાંકા;
બશરતો કયા ફીરીસ્તેભી દરે અકદસપે રેહેતે હુવે,

ખુદા જાને હુયે કયા રૂતબા મેરે દાતાર મીરાંકા;
પહેલે ઉનાવે કુચ્છ નથા ફક્ત કુફાર થે યારો,
આબ હુયે દરવાજા જન્નતકા મેરે દાતાર મીરાંકા;
દરે વાલાપે આતા હુયે મુરાદે દીલકી પાતા હુયે,
સખી દરબાર હુયે આલા મેરે દાતાર મીરાંકા;
હુજરો જીન દેવ ઓર ભુત જલે ઓર ખાકહો પલમેં,
અજબ હુયે આરસુ શોહરા મેરે દાતાર મીરાંકા;
અગર સીકાલે મોહમદકો જો ચાહે દેખને કોઈ,
તો આકે દેખલે મુખડા મેરે દાતાર મીરાંકા;
અબસ ગમગીન હુયે દાસ તુ વો નારે જહન્નમસે,
હુયે મુજમે સાચા દામનકા મેરે દાતાર મીરાંકા.

૬

ગઝલ મોહમદમીયાં.

રૂખસે ન કાબ ઉઠાદે ગુજરાત વાલે મીરાં,
મુખ ચાંદસા દીખાદે ગુજરાત વાલે મીરાં;
બેહેરે ગુનાહમેં મેરી નયયાં અટક રહી હુયે,
કીસ્તી તું પાર લગાદે ગુજરાતવાલે મીરાં;
અલ્લા નબીકે પ્યારે અલાકે ઓ દુલારે,
બીગડી મેરી બનાદે ગુજરાતવાલે મીરાં;
ઉમાદ મેરે દીલકી તુમસે એહી હુય હુજર,
એક જામ મયે પીલાદે ગુજરાતવાલે મીરાં;
મોહોમદ મીયાં મુજાવર ખાદીમ હુયે તેરે દરકા,
મકસદ ઉસે દીલાદે ગુજરાતવાલે મીરાં.

૭

ગઝલદાસ

સખી દેખો સખી ઉનાવા ગલી જહાં સૈયદઅલી સરવાલે વલી

હુયે વો બાબે બશારતકી ગલી જહાં સૈયદઅલી સરતાજે વલી
કોઇ આવત હુયે કોઇ જાવત હુયે કોઇ ફુલ ચંબેલી ચઢાવત હુયે
કોઇ શીશ ઝુકાવત ચરને પડી જહાં સૈયદઅલી સરતાજે વલી
કોઇ મન્નત આકે ચઢાવત હુયે કોઇ ખુશાસે ધુમ મચાવત હુયે
કોઇ દુ:ખ સુનાવત બીનતી કરી જહાં સૈયદઅલી સરતાજે વલી
કોઇ ચોક્લાકે રોવત જલી જલી હાયે મરી મરી હું સૈયદઅલી
હુયે કસમ ખુદાકી ન આવું ફીરી જહાં સૈયદઅલી સરતાજે વલી
જો મીરાં પીયાસે માંગત હુયે વો મકસદ દીલોભર પાવત હુયે
ફીરતા નહી સાયેલ કભી જહાં સૈયદઅલી સરતાજે વલી
એરી એરી સખી અબ કાયે કરૂં મોહે પીયા બીના દીન રૈન જલું
જલદ ઉઠ ચલો સખી સાથ સખી જહાં સૈયદઅલી સરતાજે વલી
દાગકી હુરદમ એહી હુયે દુવા યા રસુલે ખુદા યા હુમાએ ખુદા
મુજે મીરાં પીયાસે મીલાદો જરી જહાં સૈયદઅલી સરતાજે વલી

૮

ગઝલદારા

મજા દેતે હુયે કયા યાર તેરે બાલ ગુંઘરવાલે રાહ
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર
તુમ મકબુલ ખુદાકે યાર , હુસનેનકે હો દીલદાર
તેરા જહાંમે શોર પુકાર હજરત પીર મીરાં દાતાર
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર
સદ્દલે અલા તેરા દરબાર ઊંચા કોટ કમાનોદાર
બીચમેં રોજા હુયે ગુલજાર હજરત પીર મીરાંદાતાર
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર
મેં આજેઝ હું લાચાર મનથી ધ્યાન ધરી મજધાર

અમ કીજીયે બેડા પાર   હજરત પીર મીરાં દાતાર
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર
તેરે ઇશ્કમેં હું બીમાર   જલદી દીખલા દો દીદાર
લીલ્લાહ નંતરસાવે યાર   હજરત પીર મીરાં દાતાર
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર
દારાં જીસે હુયે કયું બેઝાર   જા તું મીરાં કે દરબાર
જહાંપે હુયે તેરા ગમખાર   હજરત પીર મીરાં દાતાર
એક નજર ઇધર સરકાર હજરત પીર મીરાં દાતાર

૯

ગઝલદારા.

તુમારે આસ્તાનેપર બુલા લીજીયે મેરે મીરાં,
મુજેભી અપના મતવાલા બના લીજીએ મેરે મીરાં;
તેરી દર્દો જુદાઇમેં જલાહું મીસ્લે પરવાના,
ખુદાકે વાસ્તે જલવા દીખા દીજીયે મેરે મીરાં;
દુઇકા છોડકે ઝગડા તુમીસે લો લગે હરદમ,
કોઇ તદબીર મુજે એસી બતા દીજીએ મેરે મીરાં;
મુદતરોં હુયે એહી હસરત કે ચુમું આપકા ચોખટ,
ખુદારા હોસીલા મેરા પુરા કીજીએ મેરે મીરાં;
તેરે દરબારે આલીસે ગયા ખાલી નહી કોઇ,
મુજેભી કુચ્છ ઇનાયતસે દીલા દીજીયે મેરે મીરાં;
કબ્સે મુશતાક હુયે દારાં તેરે દીદારકા હજરત,
ઉસે એક જામ વહેદતકા પીલા દીજીયે મેરે મીરાં.

૧૦

ગઝલદારા.

તુમ ખુબ બને દુઃખભંજન વલી યા મીરાંવલી યા મીરાંવલી,

મુજે ચશ્મે કરમસે દેખો જરી યા મીરા વલી યા મીરાંવલી.
પરકતમેં આવકે પીયારે વલી દીનરાત નહી મોયે ચેન જરાં;
બુલવા લો મુજે અપની નગરી યા મીરાં વલી યા મીરાંવલી,
ગુજરાતમેં કયા સારે હીંદમે, કો નહિ મીલા તુમસા દાતાર,
આયાહું દરપે હાજત તલબી યા મીરાં વલી યા મીરાં વલી;
દીલ હાલ મેરા અબ કીસસે કહું ઔર કબ તકમેરજોં અલમ સહું,
કરો દુર મેરી આજાર દીલી યા મીરાં વલી યા મીરાં વલી;
કહેતા હયે દારા તેરા હરઘડી અયે આલે નબીયો લાદે અલી;
જો કુચ્છ હયે બીગડી બનાદો મેરી યા મીરાં વલી યા મીરાં વલી.

૧૧

ગઝલદારા.

દુક બુરકે કો અપના ઉઠાદયે કે નાહી,
મુજે સુરતે ઝેબા દીખાદયો કે નાહી;
ગુનાહોકા બોજ હયે મેરે સરપર ભારી,
ઉસે સરસે મેરે હટાદયોં કે નાહી;
તું હયે દાતાર મેરા ભીખારી હું તેરા,
ઉમીદ મેરે દીલકી દીલાદયો કે નાહી;
તેરે દીદકા પ્યાસા હું મીરાંદાતાર,
મુજે જામે વસ્લ પીલાદયો કે નાહી;
મહેશરમેં મેરી તરફસે યા હજરત,
લીલ્લાહ લબે શીરી હીલાદયો કે નાહી;
દુઃખી દારા દર્દ સું રે રો પુકારે,
મેરા દુઃખ દાતાર મીટાદયો કે નાહી.

દરશાન ખાજા ગરીબ નવાજ.

૧૨

ગઝલદારા

તેરા ખુબ બના દરબાર અજમેર બસાનેવાલે.
તેરી તુરબતપર ફુલજાલી મુખડે લીલી ચદર ભારી
મેં જાઉં તોપે બલીહારી બાગે જન્નતમેં રહેનેવાલે
તેરા ખુબ બના દરબાર અજમેરે બસાનેવાલે.
હિંદુ મુસલમાં તુમરે દ્વાર કરજોડ કરે પુકાર
ખાજા લીજીયો મેરી સાર બેડા પાર લગાનેવાલે.
તેરા ખુબ બના દરબાર અજમેર બસાનેવાલે.
મેરે પ્યારે અયે સરવર ફીરા મારા હું દરદર
લીલ્લાહ કરમ કર મુજપર ફર્યાદકે સુન્નેવાલે
તેરા ખુબ બના દરબાર અજમેર બસાનેવાલે.
મેરા શાખે દીલી દરબાર મુજકો કહેતાહયે યું યાર
નહીં તું છાડ ખાજા દરબાર વો હયે મક્કી મદનાવાલે.
તેરા ખુબ બના દરબાર અજમેર બસાનેવાલે.
મેરે સરકે ઓ સરતાજ જગમેં રખીયો મેરી લાજ
દારા બીનતી કરતા આજ ફર્યાદકે સુન્નેવાલે
તેરા ખુબ બના દરબાર અજમેર બસાનેવાલે.

દરશાન હઝરત સાબીર પાક

૧૩

ગઝલદારા

એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીકર વાલે

ખાસ જુકાકે હો પ્યારે હામી દેહેનુમાહો હમારે
તુમકો સારી જહાં પુકારે સાબીર પીરાંનકલીયર વાલે
એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીયર વાલે
તેરે રોજેકી પૂર બહાર આકર દેખી મેં સરકાર
બીગડી બન ગઇ મેરીકાર સાબીર પીરનકલીયર વાલે
એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીયર વાલે
મેં આયા હું ઉમીદવાર કરજોડ તુમારે દ્વાર
મુજપર રહેમ કરો સરકાર સાબીર પીરાંનકલીયર વાલે
એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીયર વાલે

જો કુચ્છ આરજુ હુયે મેરી બહેરે ખુદા કરો તુમ પુરી
લીલ્લાહ ન કર અબતો ડેરી સાબીર પીરાંનકલીયર વાલે
એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીયર વાલે

દારાં આજેઝ તેરે દરપર કરજોડ કહે યું સરવર
દીખલા ચેહેરે મુનવ્વર સાબીર પીરાંનકલીયર વાલે
એકદમ ભર આજા પ્યારે સાબીર પીરાંનકલીયર વાલે

૧૪

ગઝલદારા

હમતો હમારે મીરાંકે દરબાર જાયેંગે
વહાંપર હમારે દરદોંકી દારૂ કરાયેંગે
દુન્યાકે તબીબો હકીમસે નહી મતલબ
દુખયોંકે હુયે દાતાર હમ ઉન પાસે જાયેંગે
દરદી હજારો આકે વહાં ફૈજપાતે હુયે
ફીર કયું ન હમ ઉસ શાહાકે રોજેપે જાયેંગે
જો મરજ અપને દીલકા જાતા નહી દીસ્સે

ઉસ ફુલ ખાક પાનીસે અચ્છે હો જાયેંગે
કલમા હમારે દીલકા દરૂદે શરીફ હયે
કબ્રોમેં ઉનકે બેડકે તસબીર ફીરાયેંગે
દારાં વસીલા હયે તુજે વો શાહે મીરાંકા
મેહેશરકે રોજ આકે વો તુજકો બચાયેંગે

૧૫

ગઝલદારા

દેખો એ મેરે મીરાંને કયા રૂતબા પાયા હયે
જીસને ખુદાકા રાહામેં સરકો કટાયા હયે
કીલ્લાજો માંડવગઢકા કીસીસે ન સર હુવા
વો પલમેં ફતા કરકે મીરાંને બસાયા હયે
કયું કરન હોવે હુરોમ લાયેક તસદદુક
એ નુરે ચશ્મે અહમદ અલીકા વો જાયા હયે
કરામત કયામેં લીખા શકું શાહે જનાબકી
લાસા હીંદુકા આનમેં ઝિંદા બનાયા હયે
દાના હજારો શુક્ર કર મહેમુબે પાકકા
કે મુજકો મેરે મીરાંને આશના બનાયા હયે

૧૬

ગઝલદારા

દાતાર અપના જલવા સબકો દીખા રહા હયે
લાચાર મુફલીસોંકા તકદીર ખુલા રહા હયે
આયે નાતવાં મરીજો કીયું વકત ખો રહેહો
દાતાર દુખીયોંકા દરદોં મીટા રહા હયે
કયા ધુમ મચી હયે યારો ફિર પ્યારેકી ગલીમેં

કોઇ સર ઝુકા રહા હુયે કોઇ ગા બજા રહા હુયે
કુચ્છબી ન થા ઉનાવે ઉજડ પડાથા ચારો
શહેર અબ બસાકે મીરાં બસ્તી બડા રહા હુયે
કયું કર મેં જાઉં પ્યાસા ઉનાવેકી ઝમીંસે
ભર ભરકે જામે કૌસર મીરાં પાલા રહા હુયે
કયુંકર ન બેડા મેરા મુશ્કીલસે પાર હોગા
કુબા હરે જીનકી કીસ્તી મીરાં તીરા રહા હુયે
લીલ્લાહ ખબર લીજીયે યા શાહ જલ્દ ઉસકી
મુદ્દતસે દરપે તેરે દારા પડા રહા હુયે

૧૭

ગઝલદારા.

(કયા દાગ દે ગયોરે જાના જવાનીપનમે રાગ)
કયા નુર બરસ રહા હુયે, મીરાં તેરી ગલીમેં.
ચોખટ દરબાર તેરા, સોનેકા હુયે કઠેરા;
લાતી હુયે હુરે સહેરા, મીરાં તેરી ગલીમેં.
રંજો અલમ સતાવે, નહી ચેન દીલકો આવે;
બુલવા લીજે ઉનાવે, મીરાં તેરી ગલીમેં.
આતી હુયે મખલુક સારી, લાતી હુયે મન્નત ભારી;
જાતી હુયે વારીવારી, મીરાં તેરી ગલીમેં.
દરવાજે નોબત બાજે, નીત નીત સલામી ગાજે;
સુણકર બલાયાં ભાગે, મીરાં તેરી ગલીમેં.
વાહ કયા તેરા કરામત, મુરદા હુવા સલામત;
જબ હુઇ તેરા ઇમારત, મીરાં તેરી ગલીમેં.
એ આરજુ હુયે મેરી, બહુરે જુલાહો પુરી;

હરસાલ કરૂં મે ફેરી, મીરાં તેરી ગલીમેં.
દારા રો રો પુકારે, જલદી ખબર લો પ્યારે;
તુમબીન હુયે કોન હમારે, મીરાં તેરી ગલીમેં.

૧૮

ગજલદારા.

જાન જાતા હુયે ચલી ઇશ્કમેં તેરે મીરાં
કીસ લીયે લેતે ખબર તુમ નહી મીરાં;
નયયાં મેરી હુયે ફસી આનકે તુફા અંદર,
કીસ્તીકો પાર લગા દીજીયે મેરે મીરાં.
હુરાંગીલમાં હુયે ખડે દરપે તુમારે હજરત,
વોબી ખુશ હોકે એ કહેતેહુયે હમારે મીરાં;
ચેન હર રોઝ નહિ આતા હુયે મુજે તેરે સીવા,
બસ બુલા લીજીયે ચોખટપે તુમારે મીરાં.
કબસે પ્યાસા હું તેરે દીદકા મેરે સરવર,
જામ એ વસ્લ પીલાદે મુજે મેરે મીરાં;
હુયે તમન્ના દીલે દારાકી સુબોશામ યેહી,
મુજે હરઆન તું રખ યાદમે તેરે મીરાં.

દરશાન ખાજા ગરીબ નવાજ

૧૯

ગઝલદારા

૫ દેસે બહાર આજા અજમેર વાલે ખાજા
જલતા હમેં દીખ જા અજમેર વાલે ખાજા
આયે મેરે હકકે પ્યારે તુમ બીન હુયે કૌન હમારે
કીસમત મેરી ખુલાજા અજમેર વાલે ખાજા

સુનાહુકી ગઠરી સરપર આયા હું દરપે લેકર
હસીયાં મેરે હટાજા અજમેર વાલે ખાજા
દુન્યાવંદીકો પ્યારે ખટપટસે છુટ જાવું
કોઈ રાહ એસી બતાજા અજમેર વાલે ખાજા
ઓ અજમેરકે બસૈયા પડલું મેં તોરે પંયરાં
મુખસે સખુન સુનાજા અજમેર વાલે ખાજા
પડા હરે દરપે તેરે દારાં ગરીબ કમતર
બેડા તું પાર લગાજા અજમેર વાલે ખાજા

૨૦

ગઝલદારા

ખાસ ખાલકકે પ્યારે લે ખબર
સૈયદ ઉસન કે દુલારે લે ખબર
મીરાં દાતાર ઓ લીયા શાહે ગુજર
હામી રહેનુમા હમારે લે ખબર
જાન જાયેગી તુમારે ઇશકમેં
અએ મેરે જાની પ્યારે લે ખબર
કહાં જાઉં કીસસે કહું દુઃખકી ભંજન
દુઃખી દરદીઓંકે સહારે લે ખબર
ઘેરા હુવે રંજો અલમને ચોતરફે
કર કરમ અબતો પ્યારે લે ખબર
હુવે કસર ઇસહરકી ઔર ખલખાકકી
બેન નહી દીલકો હમારે લે ખબર

દરાં આજેજ નાતવાં મીરકીં ગરીબ
રેરોક દરપે પુકારે લે ખબર

૨૧

ગઝલદારા

ખાજા લેલો ખબરીયા—રાહ
મીરાં આવો નજરીયા હુમારીરે
દેખું પ્યારી સુરતીયાં તુમારીરે— મીરાં
શાદી છોડકે ચલે લડનેકો જંગમે
કુફ્રકો કાટકે હુવે શહીદ રંનમે
જબથી બાલી ઉમરીયા તુમારીરે— મીરાં
ફતેહ કરકે માંડવસે ઉનાવે આયેહો
મીરાં વલીકા મરતબા અલ્લાહુસે પાયેહો
ખોલો ખોલો ઘુંઘટયાં તુમારીરે— મીરાં
સીરપરતો સાફા લીલા હયે ગલે ચંબેલી હાર
જે કીસકી નાવ ડુબતી હો મીરાં વલી દે તાર
તારો તારો નાવરીયાં હુમારીરે— મીરાં
સલ્લે અલા કયા નુર હયે મીરાંકે રોજેપર
હુરો મલાયકે દેખકે કહેંતે હયે સરબસર
લેલું લેલું બલઈયા તુમારીરે— મીરાં
મેરે હજરત મેરે મોલા મેરે મીરાંવલી દાતાર

આકે મદદ દીજીયે હુવા હું બેકરાર
    લેલો લેલો ખબરીયાં હમારીરે— મીરાં
ફર્યાદ દાદા લાયા હયે તુમ પાસ મેરે શાહ
લુત્ફો કરમસે કીજીયે મસ્તકી બીનેગાહ
    [illegible] બીતી ઉમરાયા હમારીરે— મીરાં

દરશાન ખાજા ગરીબ નવાજ.

૨૨

ગઝલદારા

અજમેરી ખાજા આએ તો જાઉં વારીરે,
જાઉં વારીરે દુલાપરજાં નીસારીરે; અજમેરી.
અગર જો મેરે ખાજા પાયા આપ આવો તો,
બીગડી જો બાત હયે મેરી બનજાયે સારીરે; અજમેરી.
સાખી—દીનરેન કરત હું ખાજા ખાજા, ખાજા ગરીબ નવાજ;
    જલદી દરશન દીજીઓ હારાકો સરતાજ.
સરદાર તું સરતાજ, રખીયો લાજ હમારીરે. અજમેરી.

૨૩

ગઝલ મોહમદમીયાં.

મુખડેસે પરદા ઉઠાલે જરા, યા હજરતે મીરાં સૈયદના;
તોરે મુખડેપે જાઉં મેં વારી પીયા, યા હજરતે સૈયદના.
અયે આસે નબી ઓલાદ. અલી, ગુજરાતકે ઓ સરતાજે વલી

કરો મુશ્કીલસે બેડા પાર મેરા, યા હજરતે મીરાં સૈયદના.
જા ફીરસે કહુ ફર્યાદ મેરી, કોઇ સુનતા નહી હયે ધ્યાન ધરી;
ફર્યાદ સુનો અબ બહેરે ખુદા, યાર હજરતે મીરાં સૈયદના.
મેહેબુબે ખુદાકે પ્યારે વલી, કરૂં જાનત સદકે તોપે મેરં;
કોઇ બોલતો મુખસે સુનાદે જરા, યા હજરતે મીરાં સૈયદના.
કભીતો સુપનેમેં આકે પીયા, મોયે ચાંદસી સુરત દીખાદે જરા;
દીન રેન તડપતાર મોહોમદ તેરા, યા હજરતે મીરાં સૈયદના.

૨૪

ગઝલ દાદરા.

નજર કર મેરે હાલપર અએ વલી,
તેરા નામ હયે મીરાં સૈયદઆલી;
હસન ઓર હુસેનકે તુમ લખ્તે જીગર,
બીબી ફાતમાકે હો નુરે નજર.
તુહી દરદ મંદોકા દાતાર હયે,
તુહી બેકસોકા મદદગાર હયે;
તેરે દરપે આયા હું મેં બેકરાર,
સીતાબીસે લીજે ખબર નામદાર.
ખુદા કર તું પુરી મુરાદે દીલી,
સદકે પજતન ઓર સૈયદઅલી;
દારા અર્જ કરતા હયે આઠો પહેર,
ગુલામીમેં રખલું મુજે શામો સહેર.

જાહેર ખબર

આ ચોપડી નામે ઉનાવાની મઝા ઉર્ફે મઝહરેમીરાંની મનહર નાટકરૂપી જુદીજુદી જાતનાં ગાયનો ગુજરાતી તે આપેલાં છે; કે જે મારા હાલના શોખીન જવાનો (હિંદુ મુસલમાનો) ને અચ્છી રીતે ગમ્મત સાથે બોધકારક થા

આ ચોપડીની કીંમત ફક્ત રૂ. ૦-૨-૦ રાખી છે. બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ સાથે અઢી આના.

૧૦૦) એકસો ચોપડી સામટી ખરીદનારને સેંકડે ૨૦ વીશ ટકા કમીશન મળશે.

ચાલુ સરનામું.

મહમદમીયાં સામદમીયાં સ્ટેશન ઉંઝા.

મુકામ ઉનાવા જીલ્લે અમદાવાદ

દરગા હજરત સૈયદઅલી સાહેબ